**ક્રમાંક–૨૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**બુધવાર, તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૨૯મી માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૫, ૭, ૯, ૧૦, ૧૧, ૧૩ અને ૧૪ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના તેમજ સભાગૃહમાંથી સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ ૩, ૪, ૬, ૮ અને ૧૨ને અતારાંકિત ગણાવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૫થી ૯૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦–૦૦ કલાકે પૂરો થયો.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**
**કમોસમી વરસાદથી ખેતીના પાકોને થયેલ નુકસાન અંગે.**

સભ્યશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ નિયમ–૧૧૬ અન્વયે ''તાજેતરમાં રાજ્યમાં પડેલ કમોસમી વરસાદથી ખેતીના પાકોને થયેલ વ્યાપક નુકસાનથી ખેડૂત આલમમાં વ્યાપેલ નિરાશા દૂર કરવા સરકારે લીધેલાં કે લેવાં ધારેલા પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલનું ધ્યાન દોર્યું.

માનનીય કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**
**રાજ્યોની જેલોમાં સરપ્રાઇઝ ચેકિંગ અંગે**

સભ્યશ્રી ઉદયભાઇ કાનગડે નિયમ–૧૧૬ અન્વયે ''તાજેતરમાં રાજ્યની ૧૭ જેલોમાં એક સાથે પોલીસની ટુકડીઓ દ્વારા બોડીવોર્ન કેમેરા સાથે સરપ્રાઇઝ ચેકિંગ કરતા કેટલીક પ્રતિબંધિત વસ્તુઓ મળી આવતાં, આવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ઇસમો સામે સરકારે લીધેલા કે લેવાં ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) નું ધ્યાન દોર્યું.

ઉક્ત બાબતે ગૃહ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી હર્ષ સંઘવીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩(અ) **જાહેર અગત્યની બાબત પર પ્રવાસન પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલનું નિવેદન (નિયમ–૪૪)**

માનનીય પ્રવાસન પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નિયમ–૪૪ હેઠળનું એક ભારત શ્રેષ્ઠ ભારતના સંકલ્પને સાકાર કરતો સૌરાષ્ટ્ર તમિલ સંગમ અંતર્ગત તામિલનાડુમાં વસવાટ કરતા સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાની મૂળ જન્મભૂમિ, માતૃભૂમિ એવા સોમનાથ ખાતે એકત્ર થવા અંગેની એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ઘટના અંગેના સરકારના નિર્ણયની જાહેરાત કરતું નિવેદન (વાંચીને) કર્યું. ત્યારબાદ તમિલનાડુમાં ગયેલા માનનીય મંત્રીશ્રીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અનુસંધાને ગુજરાતીપણાના એટેચમેન્ટ અંગેનો ભાવ દર્શાવી આ નિવેદન કરવા અંગેની માનનીય મંત્રીશ્રીને સ્પેશિયલ મંજૂરી આપવા અંગે અને માનનીય મંત્રીશ્રીઓને પણ રેર ઓફ ધી રેર કેસમાં તેમના અનુભવોની રજૂઆત કરવાનો મોકો આપ્યો તેમ જણાવ્યું.

**વિરામ સવારના ૧૧–૦૬ થી ૧૧–૩૦**

૪. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) (ક) ગુજરાત સરકારના સન ૨૦૨૧–૨૨ના વર્ષના રાજ્યના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨) (ગુજરાતી અને અંગ્રેજી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૨૧–૨૨ના વર્ષના વિનિયોગ હિસાબો(ગુજરાતી અને અંગ્રેજી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૨૧–૨૨ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડિટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી)

(ઘ) ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો સમુદ્રતટીય પર્યાવરણના સંરક્ષણ અને વ્યવસ્થાપનની કામગીરી પરનો ઓડિટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી)

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**

(૩) દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**

(૪) ગુજરાત લોકાયુક્તનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ

**સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૫) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૫–અ) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૬) સન ૨૦૧૯ના ગ્રાહક સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના,

(૧) તા.૨૧/૦૮/૨૦૨૧નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/ ૨૦૨૧/૧૬/સીપીએ/ ૧૦૨૦૨૦/ જ૫૫૮૬૯/ ડી

(૨) તા.૧૯/૦૨/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/ ૨૦૨૨/ ૦૩/ સીપીએ/ ૧૦૨૦૨૧/ ૨૧૧૦૨૦ / ડી

(૩) તા.૧૯/૦૨/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/ ૨૦૨૨/ ૦૪/ સીપીએ/ ૧૦૨૦૨૧/ ૨૧૧૦૨૦ / ડી

(૪) તા.૧૪/૦૩/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/ ૨૦૨૨/ ૦૭/ સીપીએ/ ૧૦૨૦૨૧/ ૧૭૨૬૭૦/ ડી

(૫) તા.૨૧/૦૩/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ /૨૦૨૨ / ૦૮/ સીપીએ/ ૧૦૨૦૨૧/ ૧૪૬૧૪૮/ડી

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

૫. **સરકારી વિધેયક**

(૧) માનનીય રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઇ પાનશેરિયાએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૬- સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી
(૨) ડો. મહેન્દ્રભાઇ પાડલિયા
(૩) ડો. હર્ષદભાઇ પટેલ

૬. **માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

સભાગૃહમાં પ્રવચન કરતી વખતે માનનીય ધારાસભ્યશ્રીઓ વાંચીને પ્રવચન કરી શકતા નથી. પરંતુ નવું સત્ર અને નવા ઘણા બધા સભ્યશ્રીઓ હોવાથી આ સત્રમાં છૂટછાટ આપવામાં આવે છે, પરંતુ હવે પછીના સત્રમાં માનનીય ધારાસભ્યશ્રીઓ તૈયાર થઇને આવે. માત્ર આંકડાકીય માહિતી, મુદ્દાઓ જોઇને બોલી શકાય છે, તેવી સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ ટકોર કરી.

૭. **સરકારી વિધેયક ( ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી અમિત શાહ
(૫) શ્રી અમિત ઠાકર

**(વિરામ બપોરના ૧૨-૩૮થી ૧-૫૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી ડી.કે. સ્વામી
(૭) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૮) શ્રી માનસિંહ ચૌહાણ
(૯) શ્રી કમલેશભાઇ પટેલ
(૧૦) શ્રી ધવલસિંહ ઝાલા
(૧૧) ડો.જયરામભાઇ ગામીત

ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૮. **છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)**

**" સુજલામ સુફલામ જળ અભિયાન" અંતર્ગત જળ સંચય અભિયાનને વધુ સક્રિય બનાવવા અંગે**

સભ્યશ્રી ભગવાનજીભાઇ કરગટિયાએ " સુજલામ સુફલામ જળ અભિયાન" અંતર્ગત જળસંચયનાં વિવિધ કામો હાથ ધરવામાં આવે છે, જેના ફળસ્વરૂપે જળસંચયનો વ્યાપ જોતા આ અભિયાન અંતર્ગત ૨૦૨૩ના વર્ષની તા. ૧૭-૨-૨૦૨૩થી જળસંચયનાં કામો હાથ ધરવામાં આવી રહ્યાં છે, ત્યારે ઉપલબ્ધ પાણીનો કરકસરયુક્ત અને ઉચિત ઉપયોગ કરવા માટે જળ સંચય અભિયાનને વધુ સક્રિય તથા સફળ બનાવવા માટે ચર્ચા-વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રીમતી નીમીષાબેન સુથાર
(૨) શ્રી માવજીભાઇ દેસાઇ
(૩) શ્રી ભગાભાઇ બારડ
(૪) શ્રી પ્રવિણકુમાર માળી
(૫) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૬) શ્રી સરદારભાઇ ચૌધરી
(૭) શ્રી રમણલાલ વોરા
(૮) શ્રી કુંવરજીભાઇ બાવળિયા( જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી) ( પ્રવચન અધૂરું)

૯. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો પ્રસ્તાવ પરનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને આમ આદમી પાર્ટીના સભ્યશ્રી ઉમેશ મકવાણાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.
( બપોરના ૩–૫૮)

૧૦. **છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨) ( ક્રમશઃ)**

ત્યારબાદ જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રીએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.
છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થઇ.

૧૧. **સત્રાંતે આભાર વિધિ**

૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં છેલ્લા દિવસે માનનીય અધ્યક્ષશ્રીએ શાસક પક્ષના તેમજ વિપક્ષના તમામ સભ્યો તેમજ મંત્રીશ્રીઓનો સભાગૃહના સુચારું સંચાલનમાં સહકાર આપવા બદલ આભાર માન્યો. ત્યારબાદ સભ્યશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, શ્રીમતી રીવાબા જાડેજા અને શ્રી હેમંત આહિરે પણ માનનીય અધ્યક્ષશ્રીને સત્રના સુચારું સંચાલન બદલ અભિનંદન આપ્યા અને સૌનો હ્રદયપૂર્વક આભાર માન્યો.

૧૨. **સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૪–૧૫ વાગ્યે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી.

**ત્યારબાદ " વંદેમાતરમ " રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.